સંકલિત બાળ સુરક્ષા યોજના (Child Protection Services) હેઠળના ૧૧ માસ કરાર આધારીત કર્મચારીઓના પગારમાં વધારો કરવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ જજઅ/૧૦૨૦૨૧/૧૪૨૩૫૭/છ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૧૯/૦૭/૨૦૨૧.

**વંચાણે લીધા:-**

(૧) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો ઠરાવ ક્રમાંક: જજઅ/ ૧૦૨૦૧૪/૨૦૯૭૬૨/છ, તા.૦૮.૧૦.૨૦૧૪.

(૨) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો ઠરાવ ક્રમાંક: જજઅ/ ૧૦૨૦૧૪/૨૦૯૭૬૨/છ, તા.૨૩.૧૨.૨૦૧૫.

(૩) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો ઠરાવ ક્રમાંક: જજઅ/ ૧૦૨૦૧૬/૭૪૦૩૧૦/ન.બા./છ, તા:૦૬.૦૪.૨૦૧૭.

(૪) નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરીની સિંગલ ફાઇલ પરની દરખાસ્ત.

**પ્રસ્તાવના:-**

ભારત સરકાર દ્વારા સંકલિત બાળ સુરક્ષા યોજના (ICPS) યોજના અમલમાં મુકવામાં આવેલ છે. જે અન્વયે રાજ્યમાં ચાલતી બાળકો માટેની વિવિધ સુરક્ષા યોજનાઓને એક જ છત્ર નીચે લાવવામાં આવેલ છે અને આ જ યોજના હેઠળ ભારત સરકાર તરફથી ગ્રાન્ટ ફાળવવામાં આવે છે. આ અંગે ભારત સરકાર સાથે તા.૦૪/૦૩/૨૦૧૦ના રોજ એમ.ઓ.યુ. કરવામાં આવેલ છે.

સંકલિત બાળ સુરક્ષા યોજનાની ગાઇડલાઇનમાં વર્ષ ૨૦૧૪-૧૫ દરમ્યાન સુધારો થયેલ છે. આ યોજનાના અમલીકરણ માંટે વંચાણે લીધેલા ક્રમાંક: (૧)ના ઠરાવમાં

દર્શાવ્યા મુજબ રાજ્ય સ્તરે ગુજરાત સ્ટેટ ચાઇલ્ડ પ્રોટેક્શન સોસાયટી (GSCPS), સ્ટેટ એડોપ્શન રીસોર્સ એજન્સી (SARA) અને જિલ્લા સ્તરે જિલ્લા બાળ સુરક્ષા એકમ (DCPU), સરકારી સ્પેશ્યલાઇઝ્ડ એડોપ્શન એજન્સી (SAA), સ્વૈચ્છિક સ્પેશ્યલાઇઝ્ડ એડોપ્શન એજન્સી (SAA), ચાઇલ્ડ વેલ્ફેર કમિટી (CWC) અને જુવેનાઇલ જસ્ટિસ બોર્ડ (JJB) તથા વંચાણે લીધેલા ક્રમાંક: (૨)ના ઠરાવથી સરકારી અને બિન-સરકારી બાળ સંભાળ ગૃહ (CCI) અને વંચાણે લીધેલા ક્રમાંક: (૩)ના ઠરાવથી ઓપન શેલ્ટર હોમના મહેકમની રચના અને કર્મચારીઓને ચૂકવવાપાત્ર માસિક ફીક્સ પગારની જોગવાઇ કરવામાં આવેલ છે. ભારત સરકારની માર્ગદર્શિકા મુજબ આ યોજનાના કર્મચારીઓને હાલ ભારત સરકાર દ્વારા ૬૦% અને રાજ્ય સરકાર દ્વારા ૪૦% ફાળાથી પગારની ચૂકવણી કરવામાં આવે છે.

નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરીની વંચાણે લીધેલા ક્રમાંક: (૪) આગળની, સંકલિત બાળ સુરક્ષા યોજના હેઠળના ૧૧ માસ કરાર આધારીત કર્મચારીઓના પગારમાં વધારા માટે કરવામાં આવેલ, દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

## ઠરાવ:

પુખ્ત વિચારણાને અંતે સંકલિત બાળ સુરક્ષા યોજના હેઠળના નીચે મુજબના ૧૧ માસ કરાર આધારીત કર્મચારીઓના પગારમાં નીચે કોષ્ટકમાં જણાવ્યા મુજબનો પગાર વધારો કરવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

| ક્રમ | જગ્યાનું નામ | હાલનો માસિક ફીક્સ પગાર | વધારા બાદનો માસિક ફીક્સ પગાર |
|---|---|---|---|
| ૧ | હાઉસ મધર, હાઉસ ફાધર | ૧૧૦૦૦/- | ૧૩૦૦૦/- |
| ૨ | એકાઉન્ટ આસિસ્ટન્ટ, આસિ. કમ ડેટા એન્ટ્રી ઓપરેટર, પ્રોગ્રામ આસિસ્ટન્ટ | ૧૦૦૦૦/- | ૧૨૦૦૦/- |
| ૩ | આસિ. કમ ડેટા એન્ટ્રી ઓપરેટર (CWC, JJB), નર્સ, પેરા મેડિકલ સ્ટાફ, કેર ગિવર કમ એજ્યુકેટર | ૯૦૦૦/- | ૧૨૦૦૦/- |
| ૪ | આઉટરીચ વર્કર | ૮૦૦૦/- | ૧૧૦૦૦/- |
| ૫ | રસોઇયા | ૭૫૦૦/- | ૯૦૦૦/- |
| ૬ | આયાબેન, ચોકીદાર, હેલ્પર, હાઉસકિપર | ૬૦૦૦/- | ૮૦૦૦/- |

આ સિવાય ઉક્ત સંદર્ભદર્શિત ઠરાવોની અન્ય જોગવાઇઓ યથાવત રહેશે.

ઉક્ત વધારાના પગારનો ખર્ચ રાજ્ય સરકારની ગ્રાન્ટમાંથી કરવાનો રહેશે તથા પગાર વધારાનો અમલ જુલાઇ-૨૦૨૧ના માસથી કરવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર સરકારશ્રીની નોંધથી મળેલ સંમતિ અન્વયે રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( જી. પી. પટેલ )
નાયબ સચિવ ,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,

- માન. મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી (નાણા વિભાગ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી (સા.ન્યા.)ના અંગત મદદનીશ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લૉક નં.૧૬, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સર્વે કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ગુજરાત રાજ્ય.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત સ્ટેટ ચાઇલ્ડ પ્રોટેક્શન સોસાયટી (જી.એસ.સી.પી.એસ.), બ્લૉક નં.૧૯/૩, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ. (મારફત: જી.એસ.સી.પી.એસ., ગાંધીનગર)
- સર્વે ડિસ્ટ્રિક્ટ ચાઇલ્ડ પ્રોટેક્શન યુનિટ, ગુજરાત રાજ્ય. (મારફત: જી.એસ.સી.પી.એસ., ગાંધીનગર)
- સિસ્ટમ મેનેજરશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, વિભાગની વેબસાઇટ ઉપર અપલોડ કરવા સારૂં.
- સિલેક્ટ ફાઈલ.